દિલ્હીમાં 'આપ' આજે વિશ્વાસ મત હાંસલ કરશે

વિશ્વાસ મત જીતશે કે કેમ તેને લઈને સસ્પેન્સ : દિલ્હી વિધાનસભાનું સત્ર શરૂ

નવી દિલ્હી,તા. ૧

દિલ્હીના નવા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અનેક પ્રકારનાપડકારો વચ્ચે આવતીકાલે વિશ્વાસમત મેળવનાર છે. કેજરીવાલ વિશ્વાસમત જીતી શકશે કે કેમ તેને લઈને જોરદાર ઉત્તેજનાની સ્થિતિ પ્રવર્તી રહી છે. વિધાનસભાનું સત્ર શરૂ થઈ ચુક્યુ છે. વિધાનસભાનું આ સત્ર સાતમી જાન્યુઆરી સુધી ચાલનાર છે. દિલ્હીના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદથી આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ એક પછી એક અનેક લોકલક્ષી નિર્ણયો ચૂંટણી વચન મુજબ જ લઈ રહ્યા છે જેથી તેમની લોકપ્રિયતા વધી રહી છે. આજે વિધાનસભામાંથી બહાર નીકળતી વેળા કેજરીવાલે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુ કે વિશ્વાસ મતમાં તેઓ સફળ થશે કે નહીં તેને લઈને ચિંતા નથી. કેજરીવાલે કહ્યુ હતુ કે અમે જનતાની સરકાર ચલાવી રહ્યી છીએ. વિજળી કંપનીઓના ઓડિટનો નિર્ણય આજે લેવામાં આવી ચુક્યો છે.

વિજળી કંપનીઓને સબસિડી આપીને વિજળી સસ્તી કરવાના પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુકે સબસિડી આપવાની બાબત તેમને પસંદ નથી પરંતુ આના માટેનો કોઈ નક્કર રસ્તો શોધી કાઢવામાં આવશે દરમિયાન દિલ્હી વિધાનસભાનું સત્ર શરૂ થયુ હતુ. કાર્યવાહીના પ્રથમ દિવસે તમામ ધારાસભ્યોએ શપથ લીધા હતા. મુખ્યમંત્રી કેજરીવાલ સહિતના આમ આદમી પાર્ટીના મોટા ભાગના ધારાસભ્યો ટોપી પહેરીને પહોંચ્યા હતા અને શપથ લેતીવેળા પણ ટોપી પહેરી રાખી હતી. ભાજપના સભ્યોએ આની સામે વાંધો ઉઠાવ્યો હતો. ભાજપના નેતા વિજય જોલીએ એક પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે આ નિયમોની વિરુદ્ધમાં છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે પ્રોટેમ સ્પિકરે આ સંદર્ભમાં પગલા લેવાની જરૂર હતી. જો કે દિલ્હી વિધાનસભાના પૂર્વ સચિવ ઉમેશ સહગલે કહ્યુ હતુ કે તેમને આ અંગે માહિતી નથી. શપથ અપાવતીવેળા સૌથી પહેલા મંત્રી મંડળના સભ્યોને શપથ લેવડાવવામાં આવી હતી. સૌથી પહેલા અરવિંદ કેજરીવાલે, ત્યારબાદ મનિષ સિસોદિયાએ શપથ લીધા હતા.

લખાણવાળી નોટ આડે કોઈપણ અડચણ નથી

અફવાઓને રિઝર્વ બેંકનો રદિયો

નવી દિલ્હી,તા.૧

રિઝર્વ બેંકે એવી અફવાઓને રદિયો આપ્યો છે કે લખાણવાળી નોટને બેંકો હવે સ્વીકારશે નહીં. રિઝર્વ બેંકે લોકોને સાવધાન કરતા કહ્યું છે

કે લોકો એવી અફવા ઉપર ધ્યાન ન આપે કે ૧લી જાન્યુઆરી ૨૦૧૪થી બેંક એવી નોટ સ્વીકારશે નહીં જેના ઉપર લખાણ રહેશે. રિઝર્વ બેંકે આ સંદર્ભમાં સૂચના જારી કરીને કહ્યું છે કે આ આધાર વગરના સમાચારો તરફ ધ્યાન આપવામાં ન આવે તે જરૂરી છે. આ પ્રકારની અફવા ઘણા સમયથી ચાલી રહી છે. રિઝર્વ બેંકે સાફ શબ્દોમાં કહ્યું છે કે લખાણવાળી નોટોનો ઉપયોગ પણ સ્વતંત્ર રીતે કરવામાં આવે તે જરૂરી છે. કોઈપણ ભય રાખવાની જરૂર નથી. રિઝર્વ બેંકે બેંકો માટે આવો કોઈ આદેશ જારી કર્યો નથી. આ અગાઉ એક સ્પષ્ટીકરણમાં રિઝર્વ બેંકે બેંકોને માત્ર પોતાના કર્મચારીઓને એવો નિર્દેશ આપ્યો હતો કે તેઓ બેંક નોટને ગંદી કરવામાં ન આવે અને તેના ઉપર કાંઈપણ ન લખે.

શહેરી વિસ્તારોમાં આમ આદમી પાર્ટી સક્રિય

મોદીના રસ્તામાં એએપી અડચણ ઊભી કરી શકે છે : ભાજપને સોસિયલ મીડિયાનો વધુ ઉપયોગ કરીને યુવા મતદાર સુધી પહોંચવાના પ્રયાસો કરવા જોઈએ તેવો મત

નવી દિલ્હી,તા.૧

દિલ્હીમાં શાનદાર દેખાવ બાદ જે રીતે આમ આદમી પાર્ટી દ્વારા અનેક રાજ્યોમાં ચૂંટણી લડવાની



જાહેરાત કરવામાં આવી છે તેનાથી ભાજપની સામે અનેક પ્રશ્નો ઊભા થઈ ગયા છે. સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે શહેરોમાં આમ આદમી પાર્ટીને મળનાર મત નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનવાના આડે તકલીફ ઊભી કરી શકે છે કે કેમ. જો કે ભાજપ માની રહી છે કે રાષ્ટ્રીય સ્તરે અરવિંદ કેજરીવાલ ખૂબ નબળા સાબિત થશે. જો કે પક્ષના નેતા માને છે કે લોકસભાની ચૂંટણીમાં પણ આમ આદમી પાર્ટી ભાજપને દિલ્હીની જેમ મુસીબતમાં મુકી શકે છે. અનેક રાજ્યોમાં નુકસાન પણ પહોંચાડી શકે છે. શહેરોમાં જે રીતે આમ આદમી પાર્ટીનો દેખાવ રહ્યો છે તેનાથી એમ માનવામાં આવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં તેની પકડ મજબૂત નથી પરંતુ શહેરોમાં તેની અસર જોવા મળી રહી છે. સોસીયલ મીડિયા મારફતે આ પાર્ટીએ યુવા મતદારોને આકર્ષિત કર્યા છે અને લોકસભા ચૂંટણી સુધી આ સ્થિતિ યથાવત્ રહે તેવી શક્યતા છે. જો દિલ્હીમાં કેજરીવાલ વધુ લોકપ્રિય પગલાં લેશે તો તેમના સમર્થનમાં વધારો થશે. કોંગ્રેસ પાર્ટી દિલ્હીમાં આમ આદમી પાર્ટીને ટેકો પાછો ખેંચી લેશે તો પણ આવી સ્થિતિમાં પણ આમ આદમી પાર્ટીને ફાયદો થશે. સામાન્ય રીતે જોવામાં આવે તો છેલ્લી લોકસભાની ચૂંટણીમાં શહેરોની ૨૦૧ બેઠકો પૈકી ભાજપને ૫૦ બેઠક મળી હતી. આ વખતે પાર્ટીનો દાવો હતો કે મોદીના કારણે આ ૨૦૦માંથી ૧૦૦થી વધારે બેઠકો ભાજપને મળી શકે છે પરંતુ હવે આમ આદમી પાર્ટીના પરિણામ સ્વરૂપે ભાજપ સામે તકલીફ દેખાઈ રહી છે. ભાજપના એક સિનિયર નેતાનું કહેવું છે કે પાર્ટીની નજરમાં શહેરી બેઠકોની સંખ્યા ૨૪૦છે. અને એવી આશા પણ છે કે ૧૫૦ જેટલી બેઠકો અમને મળશે.

જરૂરી સુધારા માટે બ્લુ પ્રિન્ટ તૈયાર કરવા યુપીએનો નિર્ણય

આગામી છ મહિનાના સુધારા રજૂ કરાશે : જે સુધારાઓની સૌથી પહેલાં જરૂર છે તેનો ઉલ્લેખ કરાશે : કેન્દ્રમાં નવી સરકારને બ્લુ પ્રિન્ટના લીધે ઘણી મદદ મળશે

નવી દિલ્હી,તા.૧

યુપીએ સરકાર દ્વારા જરૂરી સુધારાઓને લઈને એક બ્લુ પ્રીન્ટ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે. યુપીએ દ્વારા આગામી સરકાર માટે સુધારાઓ માટે બ્લુ પ્રીન્ટ તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી કેન્દ્રમાં આગામી સરકારને આયોજનપંચ જેવા જરૂરી પોલીસી નિર્ણય સંસ્થા મારફતે તરત કામ શરૂ કરવા અને નિર્ણયમાં વિલંબ જેવા પડકારથી પહોંચી વળવામાં મદદ મળશે. યુપીએના ગાળા દરમિયાન આયોજનપંચ તરફથી કરવામાં આવેલા સુધારા અને કેટલાક બાકી રહી ગયેલા સુધારાઓની ફાઈલ બનાવવાનો નિર્ણય તેના સભ્યો દ્વારા કરવામાં આવ્યો છે. આયોજનપંચનું નેતૃત્વ વડાપ્રધાન મનમોહનસિંહ કરી રહ્યા છે. એક મોટા સરકારી અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે આયોજનપંચને સરકારના થીન્ક ટેન્ક તરીકે ગણવામાં આવે છે. અલબત્ત, આ પ્રકારની પહેલ પ્રથમ વખત કરવામાં આવી છે. આમા એવા સુધારાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે જે સુધારાઓને આગામી છ મહિનામાંપૂર્ણ કરવામાં આવી શકે છે. અમે સુધારા માટે રોડ મેપ પણ તૈયાર કરી રહ્યા છીએ. જેને આગામી પંચ આગળ લઈ જઈ શકે છે. તાજેતરમાં જ સંસદીય સમીતિની બેઠકમાં ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહાએ સલાહ આપી હતી કે આયોજનપંચની કામગીરીની સમીક્ષા કોઈ સ્વતંત્ર સંસ્થાની મદદથી કરવામાં આવે તે જરૂરી છે.

હમેશા કહેવામાં આવે છે કે આ વિષય ઉપર હજુ પણ સમાજવાદી વિચારધારાની અસર છે. જેનો આજે કોઈ મતલબ નથી. યુપીએ દ્વારા આયોજનપંચની ભૂમિકા બદલવાની તૈયારી કરી હતી પરંતુ આ પ્રક્રિયા હજુ પૂરી થઈ શકી નથી. બેઠકમાં ઉપસ્થિત રહેલા અધિકારીઓનું કહેવું છે કે આયોજનપંચની અંદર સુધારાઓને લઈને હાલમાં જ ચર્ચા કરવામાં આવી હતી. આયોજનપંચની ભૂમિકા વધુ અસરકારક રહે તેવા પ્રયાસ પણ થઈ રહ્યા છે. સરકાર જે બ્લુ પ્રીન્ટ તૈયાર કરશે તેમાં ક્યાં ક્યાં મુશ્કેલીઓ આવી છે. યુપીએના ગાળા દરમિયાન જે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે તેનો પણ આમા ઉલ્લેખ હશે. આને દૂર કરવા માટે ક્યાં પગલાં લેવા જોઈએ અને શું કરી શકાય છે તે બાબતનો પણ બ્લુ પ્રીન્ટમાં ઉલ્લેખ રહેશે. આયોજનપંચ ૧૨મી પંચવર્ષીય યોજના માટે જુદી જુદી વ્યવસ્થામાં સમગ્ર દેશ માટે વ્યવસ્થા સુધારા માટે એજેન્ડાને આખરી ઓપ આપી ચૂકી છે. અર્થતંત્રની ગતિને ઝડપી કરવાના પગલાંઓનો પણ સમાવેશ થાય છે.

ઉજ્જૈનમાં સીમીના ચાર શખ્સોની ધરપકડ કરાઈ

ભોપાલ,તા. ૧

મધ્યપ્રદેશમાં સીમીના ચાર શકમંદોની ધરપકડ કરવામાં આવી છે. ગયા સપ્તાહમાં જ રાજ્યમાં સીમીના અન્ય પાંચ શખ્સોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આ વધુ શખ્સો ઝડપાયા છે.

પ્રતિબંધિત સંગઠનના વધુ ચાર શખ્સો ઝડપાતા એવી દહેશત ઉભી થઈ છે કે મધ્યપ્રદેશમાં મોટી સંખ્યામાં સીમીના કાર્યકરો સક્રિય થયેલા છે. મધ્યપ્રદેશ એટીએસ અને આતંકવાદી વિરોધી ટીમ દ્વારા આ તમામ શખ્સોને ધરપકડ કરી લેવામાં આવી છે. સીમીના શખ્સો પાસેથી મોટી સંખ્યામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ગઈકાલે મોડી રાત્રે પાડવામાં આવેલા દરોડા દરમિયાન આ શખ્સો ઝડપાઈ ગયા હતા. ઝડપાયેલા ચારે શખ્સોની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં જાવેદ નાગોરી, અબ્દુલ અઝિઝ, મહોમ્મદ અદિલ અને અબ્દુલ વાહિદ તરીકે ઓળખાયા છે. ૧૨ બોમ્બ, એક પાઈપ બોમ્બ, ૯૦૦ જિલેટિનની છડીઓ અને ૬૦૦થી વધારે ડિટોનેટર્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ગયા સપ્તાહમાં જ એટીએસ દ્વારા સીમીના પાંચ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી.

પરમાણુ સ્થળોની યાદીની ભારત- પાક દ્વારા આપલે

નવી દિલ્હી,તા. ૧

ભારત અને પાકિસ્તાને વર્ષ ૧૯૮૮માં થયેલી સમજૂતિના ભાગરૂપે તેમના પરમાણુ સ્થળોની યાદીની આપલે કરી છે. આ સમજૂતિના ભાગરૂપે બંને દેશો પર એક બીજાના પરમાણુ સ્થળો સામે હુમલા કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ બંને જગ્યાઓએ યાદીની આપલે કરવામાં આવી હતી. વર્ષ ૧૯૯૨થી દર વર્ષે નવા વર્ષના દિવસે યાદીની આપલે કરવામાં આવે છે. મંત્રાલયે કહ્યુ છે કે બંને દેશો તેમની જેલમાં પકડી રાખવામાં આવેલા કેદીઓની યાદીની પણ આપલે કરે છે. આ સંદર્ભમાં મંત્રાલય દ્વારા વધારે માહિતી આપવામાં આવી નથી. અત્રે ઉલ્લેખનીય છેકે વર્ષ ૧૯૪૭માં બ્રિટનથી સ્વતંત્રતા થયા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ યુદ્ધ થઈ ચુક્યા છે. આ ઉપરાંત અંકુશરેખા પર વારંવાર પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવે છે. આતંકવાદીઓને ભારતીય પ્રદેશમાં ઘૂસાડવાના હેતુસર યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબાર કરવામાં આવે છે. ભારત દ્વારા આ પ્રકારના આક્ષેપોને ટોચના સ્તરે કરવામાં આવ્યા હોવા છતાં પાકિસ્તાન દ્વારા હંમેશા આવા આક્ષેપોને રદિયો આપવામાં આવે છે. ભારત અને પાકિસ્તાન દ્વારા સંબંધો સૂધારવાના વારંવારના પ્રયાસો કરવામાં આવે છે પરંતુ હુમલાઓના કારણે બંને દેશો વચ્ચે સામાન્ય સંબંધો સ્થાપિત થઈ શક્યા નથી. વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં આતંકવાદીઓએ ભીષણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેંકડોની સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. કરોડોની સંપત્તિને નુકશાન થયુ હતુ. મુંબઈ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના તમામ સંબંધો તૂટી ગયા હતા. દ્વિપક્ષીય સંબંધો અટવાઈ પડ્યા હતા.

હાઈસ્પીડ ટ્રેનમાં એફડીઆઈને ટૂંકમાં લીલીઝંડી અપાશે

ટ્રેન ઓપરેશન અને સુરક્ષા સાથે ચેડા નહીં થાય : યુપીએ સરકાર રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવેની સ્થિતિને વધુ મજબુત કરવા માટે આશાવાદી

નવી દિલ્હી,તા. ૧

લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે સરકાર હવે એક પછી એક મોટા નિર્ણય લેવાની દિશામાં આગળ વધી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સરકાર ટૂંક

સમયમાં જ હાઈસ્પીડ ટ્રેન અને અન્ય મોટા પ્રોજેક્ટોમાં વિદેશી સીધા મૂડીરોકાણને મંજુરી આપવાની દિશામાં આગળ વધવા જઈ રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સરકાર પ્રોજેક્ટ સ્થળો અને પ્રવર્તમાન નેટવર્ક વચ્ચે રેલવે લાઈનના વિકાસની દિશામાં પણ આગળ વધનાર છે. સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે વાણિજ્ય અને ઉદ્યોગમંત્રાલય દ્વારા આ મામલે કેબિનેટ નોંધ મોકલી દેવામાં આવી છે અને આ સંદર્ભમાં નિર્ણય આ મહિનામાં જ લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર સૂત્રોનું કહેવું છે

કે રોકડ કટોકટીનો સામનો કરી રહેલા રેલવે સેક્ટરમાં ઓટોમેટિક રૂટ મારફતે ૧૦૦ ટકા એફડીઆઈ ઉપરાંત ડીઆઈપીપી સેક્ટરના ડી લાઈસન્સ અને ડી રિઝર્વ ક્ષેત્રોની પણ યોજના ધરાવે છે. એફડીઆઈને ટ્રેન ઓપરેશન અને સેફટીમાં હાલમાં મંજુરી આપવામાં આવશે નહીં. હાલમાં રેલવે સેક્ટરમાં એફડીઆઈ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. માસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમમાં જ એફડીઆઈને મંજુરી આપવામાં આવેલી છે. દરખાસ્ત મુજબ વિદેશી રોકાણને સબ અર્બન કોરિડોર, હાઈસ્પીડ ટ્રેન સિસ્ટમ, ડેડીકેટેડ ફ્રેટ લાઈન પ્રોજેક્ટમાં મંજુરી આપવામાં આવશે.

ઓગસ્ટા વેસ્ટલેન્ડ કંપની સાથેનો કરાર આખરે રદ્દ

૩૬૨ કરોડ રૂપિયાની કટકીના આક્ષેપ બાદ અંતે કઠોર નિર્ણય : લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ભ્રષ્ટાચારના મામલે વધુ ટિકા ટિપ્પણીને ટાળવાના હેતુસર યુપીએ સરકારનો નિર્ણય : વ્યાપક વિચારણા બાદ નિર્ણય

નવી દિલ્હી,તા. ૧

ભારતે ફેબ્રુઆરી ૨૦૧૦માં મહાકાય કંપની ઓગસ્ટા વેસ્ટલેન્ડ સાથે

થયેલા ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટર માટે ૩૫૪૬ કરોડના કરારને આખરે આજે રદ કરી દીધો હતો. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો પણ અંત આવ્યો હતો. વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડના મામલામાં જંગી કટકીના આક્ષેપો થઈ રહ્યા હતા અને સરકારની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઈ હતી. તમામ પાસાઓ પર વિચારમા કરવામાં આવ્યા બાદ સરકારે આજે ઓગસ્ટાવેસ્ટલેન્ડ હેલિકોપ્ટર કોન્ટ્રાક્ટને રદ કરી દીધો હતો. સંરક્ષણ મંત્રાલય દ્વારા આ અંગેની સત્તાવારરીતે માહિતી આપવામાં આવી છે. આ અગાઉ ઓગસ્ટા વેસ્ટલેન્ડે સંરક્ષણ મંત્રાલયને કહ્યુ હતુ કે ભારતીય હવાઈદળને ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટર આપવા સાથે સંબંધિત આ મહાકાય કરાર મેળવવા માટે કંપની તરફથી કોઈ પણ પ્રકારનું ખોટુ કામ કરવામાં આવ્યુ ન હતુ. ભારત દ્વારા કંપનીને શ્રેણીબદ્ધ પ્રશ્નો કરીને ખુલાસો કરવા માટે કહ્યુ હતુ. કંપનીએ ભારત સરકાર દ્વારા મોકલવામાં

આવેલી નોટિસના જવાબમાં આ ખુલાસો કર્યો હતો. ભારત સરકારે પ્રશ્ન કર્યો હતો કે આખરે આ કોન્ટ્રાક્ટને રદ કેમ કરવો જોઈએ નહીં. અત્રે નોંધનીય છે કે આ સૌદાબાજીમાં ૩૬૨ કરોડ રૂપિયાની લાંચના આક્ષેપો સપાટી પર આવ્યા બાદ દેશભરમાં ભારે હોબાળો મચી ગયો હતો ત્યારબાદ આને લઈને ભારે વિવાદ શરૂ થયો હતો. ચૂંટણીવર્ષ હોવાના કારણે સરકારના નિર્ણયને લઈને કોંગ્રેસ અને અન્ય પક્ષોની પણ આના પર નજર હતી. યુપીએ સરકાર પર ભ્રષ્ટાચારના આક્ષેપ થઈ રહ્યા હતા. કટકીને લઈને એક વર્ષથી આક્ષેપો થઈ રહ્યા હતા. હેલિકોપ્ટર સૌદાબાજીના ત્રણ મધ્યસ્થીઓ પૈકીના એકની પુછપરછ હાથ ધરતા પહેલા આ હિલચાલ આવી છે. ભારતીય અધિકારીઓએ મધ્યસ્થીઓ પૈકીના એકની રજુઆત સંભળવાની તૈયારી હાથ ધરી છે. ઈટાલિયન કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી દરમિયાન છઠ્ઠી જાન્યુઆરીના દિવસે તેમના વકીલ મારફતે મધ્યસ્થી પૈકીના એકની પુછપરછ કરવામાં આવાર છે. સીબીઆઈ દ્વારા આ કેસમાં સમાંતર તપાસ કરવામાં આવી હતી. ગયા વર્ષે માર્ચ મહિનામાં આઈએએફના પૂર્વ વડા એરચીફ માર્શલ, નિવૃત્ત એસપી ત્યાગી અને અન્ય ૧૪ સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. ત્યારપછી સીબીઆઈ તપાસ શરૂ થઈ હતી.

નવા વર્ષના પ્રથમ દિવસે જ ૩૦ પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૧

નવા વર્ષના પ્રથમ દિવસે આજે શેરબજારમાં કારોબારના અંતે ફ્લેટ સ્થિતિ રહી હતી. સેન્સેક્સ ૩૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧૧૪૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨ પોઈન્ટ ઘટીને ૬૩૦૨ની સપાટીએ રહ્યો હતો. આજે કારોબારની શરૂઆત સારી રહી હતી પરંતુ દિવસદરમિયાન ઉદાસીનતા જોવા મળી હતી. ઉદાસીન સત્રના અંતે કારોબાર ફ્લેટ રહ્યો હતો. ચાવીરૂપ બેંચમાર્ક ઈન્ડેક્સ ફ્લેટ રહ્યા હતા. મંગળવારના દિવસે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યુ હતુ કે આઠ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝમાં નવેમ્બર મહિનામાં માત્ર ૧.૭ ટકાનો વધારો થયો છે. આવા આંકડાના કારણે આજે નિરાશા રહી હતી. એશિયન બજારોમાં નવા વર્ષના દિવસે કારોબારમાં રજા રહી હતી. દરમિયાનમાં ચીનમાં ફેક્ટરી ગ્રોથ ડિસેમ્બર ૨૦૧૩માં ઉથલપાથલ વાળો રહ્યો છે. બીએસી રિયાલિટી ઈન્ડેક્સ તેના અગાઉના બંધ આંક કરતા ત્રણ ટકા ઉંચી સપાટીએ બંધ રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સના મોરચે રિયાલિટી ઈન્ડેક્સમાં તેજી જોવા મળી હતી. કન્ઝ્યુમર ડ્યુરેબલમાં પણ તેજી રહી હતી.

સમાચાર ઝલક

- ♥ બાંગ્લાદેશમાં કટોકટી, વિરોધપક્ષનું અનિશ્ચિત મુદ્દતના બંધનું એલાન.
- ♥ હરિયાણા સરકારે વીજ બીલમાં રૂા. ૨૦૦ની રાહત આપી.
- ♥ રીઝર્વ બેંકે લખાણવાણી નોટો સ્વીકારવી નહી તેવી કોઇ સૂચના આપી નથી.
- ♥ ગાઢ ધુમ્મસમાં નેપાળમાં યાત્રી બસ નદીમાં ખાબકી, ૪ના મોત.
- ♥ વિશ્વભરમાં ૨૦૧૪ વર્ષનાં વધામણાં.
- ♥ હજુ ઠંડીનું જોર રહેશે, હવામાન વિભાગની આગાહી, જમ્મુમાં તમામ ફ્લાઇટ રદ્દ, રસ્તા બંધ.
- ♥ બેચરાજી તાલુકાના કાલરી ગામના તલાટી રૂા. ૫૦૦૦ની લાંચના સકંજામાં ઝડપાયા.
- ♥ કનુભાઇ કલસરીયા 'આપ'માં જોડાયા.
- ♥ ૧૮ રાજ્યોમાં કેશ સબસીડી યોજના આજથી અમલી બની.
- ♥ ઉજ્જૈનમાંથી ચાર આતંકવાદીઓ ઝડપાયા.
- ♥ ન્યુઝીલેન્ડના ક્રિકેટર એન્ડરસને ૩૬ બોલમાં સદી બનાવી, સૌથી ઝડપી ૧૦૦ કરનાર બન્યો.
- ♥ સૂરત પંથકમાં રીક્ષાવાળાઓ સી.એન.જી.ના ભાવ નહિ ઘટાડતા હડતાળ પર.
- ♥ જાપાનમાં પાંચ પોઇન્ટની તીવ્રતાવાળા ભૂકંપના આંચકા.
- ♥ આજથી ઐતિહાસિક જમીન કાનૂન ધારો અમલી બન્યો છે.
- ♥ આજથી ૫૦૦ પ્રકારની વીમા પોલિસીઓ બજારમાં મુકાઇ.
- ♥ દિલ્હીમાં વીજ કંપનીઓનું કેગ ઓડિટ કોર્ટ મેટર હોવાથી વિલંબમાં.
- ♥ મુઝફ્ફરનગરમાં રાહત શિબિરમાંથી લોકોને હટાવાયા.
- ♥ આણંદમાં કોર્ટમાં બોમ્બ મુકાયો હોવાની અફવા.
- ♥ અમદાવાદમાં સફાઇ કામદારોની હડતાળ.
- ♥ ઓસ્ટ્રેલિયામાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં વધારો.
- ♥ કપરાડા આશ્રમશાળાના આચાર્ય અને શિક્ષકા દુષ્કર્મના મામલે સસ્પેન્ડ કરાયા.